# કુમ કુમના પગલાં પડ્યા... માડી તારા હેત ઢળ્યા...



કાસારીઓ સોસાયટી, રાંદેસણના રહીશો દ્વારા માતાજીના ત્રીજા નોરતે ખૂબ શ્રદ્ધાપૂર્વક અને સરકારની ગાઈડલાઈન મુજબ આરતીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અતિથિ તરીકે ગાંધીનગરના મેયર રીટાબેન પટેલ પધાર્યા હતા.



હરિઆલય કોમ્પલેક્ષ ખાતે માતાજીની આરતી અને પૂજા સરકારની ગાઈડલાઈન મુજબ કરવામાં આવી હતી. કોમ્પલેક્ષના વસાહતીઓ દ્વારા સોશિયલ ડિસ્ટન્સીંગનું પણ ધ્યાન રાખવામાં આવ્યું હતું.



સેકટર-૫ મહાકાલી મંદિર ખાતે નવરાત્રી નિમિત્તે આરતીનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આસપાસના રહીશો અને ભાવિકો સોશિયલ ડિસ્ટન્સીંગ સાથે આરતીનો લાભ લે છે.



નવરાત્રીની ઉજવણી સાદાઈ થઈ રહી છે. સોશિયલ ડિસ્ટન્સ સાથે માતાજીની આરતી કરવામાં આવી રહી છે. મંદિરોને રોશનીથી શણગારવામાં આવ્યા છે. કુડાસણ પાટીયા પાસે જય યોગેશ્વર કોમ્પલેક્ષ ખાતે સોશિયલ ડિસ્ટન્સીંગ સાથે માતાજીની આરતી કરવામાં આવે છે.



લાયાન્સ, લાયોનેસ અને લીયો કલબ ગાંધીનગર દ્વારા સેકટર ૨ડી, ૧૭૫૫/૨ ખાતે માતાજીની પૂજા તેમજ આરતી કરવામાં આવી તેમાં લાયન પ્રમુખ ઉમંગ પંડ્યા, લાયોનેસ પ્રમુખ મિત્તલ રાણા અને લીયો પ્રમુખ વિનય જયસિંઘાણી ત્રણેય કલબના પૂર્વ પ્રમુખો તેમજ સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.



ઈન્ડિયન લાયન્સ સ્વર્ણિમ ગાંધીનગર પરિવાર તરફથી 'કોરોના ભગાવો' કાર્યક્રમ અંતર્ગત માતાજીની આરતી દ્વારા 'જન જાગૃતિ અભિયાન આરતી' કરી સેકટર-૧૨માં સરસ રીતે કાર્યક્રમ સંપન્ન થયો હતો.



નવરાત્રી મહોત્સવ દરમિયાન અમદાવાદના વિવિધ વિસ્તારોમાં માતાજીની આરતી તથા સુંદર રીતે શણગાર કરવામાં આવ્યો હતો. અંબાજી માતાજી,ચાંદની ચોક, નારણપુરા., સોલારોડ, ઉમિયા માતાજી- ઉંઝા,અંબાજી માતાજી- માધુપુરા, અમદાવાદ ખાતે દશ્યમાન થાય છે.



હાલ ગુજરાતમા નવરાત્રી ઉત્સવ ચાલી રહયો છે ત્યારે લોકો પોતાની અનુકૂળતા પ્રમાણે ગરબા કરી રહયા છે ત્યારે ખાડિયા વિસ્તારમાં દેસાઇ ની પોળમાં અખા ભગત પરિવારના મૈત્રી પાસાવાલા દ્વારા સરકારી નિદેશ પ્રમાણે પરિવારના સભ્યો સાથે નવરાત્રી ઉજવી રહયા છે



નવરાત્રીનો તહેવાર નાના-મોટા તમામ માટે શોખ પ્રદર્શિત કરવાનો તહેવાર છે. ત્યારે નગરના ભૂલકાઓ પણ ઘરે સરસ મજાની ચણિયાચોલી કે કેડીયું પહેરી તૈયાર થઈને નવરાત્રીને વધાવી રહ્યા છે.



શાહપુર ખાતે મહાકાલી માતાના મંદિર ખાતે આરતી અને પૂજા કરવામાં આવી હતી.



સેકટર-૭બી માં નવરાત્રી નિમિત્તે માતાજીની આરતી અને પૂજા સોશ્યિલ ડિસ્ટન્સીન્ગ સાથે કરવામાં આવી રહ્યા છે.



અશ્વિનભાઈ કોમર્સ કૉલેજમાં ઓનલાઈન આરતી શણગાર સ્પર્ધાનું આયોજન થયું હતું. આજની પેઢી પોતાની સંસ્કૃતિ, મૂલ્યો અને વારસો જાળવી રાખે અને તહેવારોના ભાવ સમજી શકે એવા આશયથી સ્પર્ધા યોજાઈ હતી.



પૂજન ડાન્સ એકેડમી ખાતે નવ દિવસ માતાજીની સ્થાપના તથા એકાંતરે ઘરમાં ગરબાનું આયોજન કરવામાં આવી રહ્યું છે જેમાં એકેડમીના સદસ્યો નાના-નાના ગૃપમાં ભાગ લઈ રહ્યા છે.

## જન્મદિને વધામણી



નિમેષ એમ ચૌહાણ
મો. ૯૪૨૭૧ ૪૩૪૬૬



ગ્રેવિશા જગદીશકુમાર સોની
મો. ૯૪૨૯૨ ૪૫૭૪૧



જૈમિન
દિપકકુમાર વાઘેલા
મો. ૭૦૪૧૧ ૨૪૯૫૭



જયના મણિયાર



હિમેશ પ્રજાપતિ
મો. ૯૯૨૫૩ ૮૧૬૧૭



ક્રિના કેતન પટેલ

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક